# પ્રેસ નોટ

અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ હોટલ/આહારગૃહનું લાયસન્સ હવેથી ૧૦ વર્ષ સુધી આપવા દરેક નાયબ પોલીસ કમિશનરશ્રીને સુચના આપવામાં આવેલ છે. તમામ લાયસન્સ તા.૧/૧/૨૦૧૬ ના રોજ રીન્યુ કરવાના થતાં હોય દરેક હોટલ/આહારગૃહના માલિકોને લાગતા વળગતા ઝોન નાયબ પોલીસ કમિશનરશ્રીની કચેરીનો સંપર્ક કરી ૧૦ વર્ષ માટે લાયસન્સ રીન્યુ કરવા અંગે જરુરી કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

પોલીસ કમિશનરશ્રીના હુકમ મુજબ દરેક હોટલ/આહારગૃહને પોતાનું ઓકયુપેન્સી રજીસ્ટર લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં દરરોજ કલાક ૧૧.૦૦ વાગ્યે જમા કરાવવાનું જાહેરનામું કરવામાં આવેલ છે. ઉપરોકત જાહેરનામું આધારેહોટલ/આહારગૃહે તેમના કોઈ એજન્ટ મારફત ઓકયુપેન્સી રજીસ્ટર પોલીસ સ્ટેશનમાં લઈ જતા હોય છે.આ પ્રક્રીયામાં આંશીક ફેરફાર કરવામાં આવે છે અને ઓકયુપેન્સી રજીસ્ટર હાથોહાથ નહિ મોકલતા હવે દરેક હોટલ માલિકોએ લાગતા વળગતા પોલીસ સ્ટેશનાં ઓકયુપેન્સી રજીસ્ટર ઈ મેલથી મોકલવાનું જણાવવામાં આવે છે. દરેક પોલીસ સ્ટેશનના ઈ મેલ આઈ.ડી. હોટલ માલિકોને અલાયદો પત્ર લખી જાણ કરવામાં આવેલ છે. ઉપરોકત બન્ને હુકમોનો અમલ તાત્કાલિક અસરથી કરવા લાગતા વળગતાને અત્રેથી સુચના આપવામાં આવેલ છે.

(વિકાસ સહાય)
સંયુકત પોલીસ કમિશનર
વિશેષ શાખા, અમદાવાદ શહેર.